# e.અસ્મિતા

**ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખપત્ર**

4/4 **સંપાદક : પંચમ શુક્લ** મે 2016

વહાલાં અકાદમીનાં હમસફરો

ચાળીસમાં વરસમાં પ્રવેશેલી ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ની 39મી વાર્ષિક સામાન્ય સભામાં, હમ સફરો, તમારું સહૃદય સ્વાગત હો.

આવો, પધારો અને ચચ્ચાર દાયકાને ઓવારે પહોંચતી અકાદમી ની હયાતીને આપણે સૌ સહિયારી પોંખીએ.

**રાબેતા અનુસાર, વાર્ષિક સભાની કાર્યવાહી તો પાર પાડીએ, અને સાથોસાથ આપણી વસાહતને એક પોતીકી ઢબછબે અંકે કરી જતા આપણા એક અવ્વલ આગેવાન, અધ્યાપક અને લેખક, ભીખુ પારેખની વાત સાંભળીએ અને સમજીએ. કોને ખબર છે અરસપરસ કોને કોને, કેટલો કેટલો, લાભફાયદો થશે? ભીખુભાઇ તો બ્રિટનની ઉમરાવ સભાના માનાર્હ સભ્ય પણ છે. એટલે ઓર જામશે. આપણે સૌ જાણીએ છીએ તેમ એ સારા લેખક છે અને સારા વક્તા પણ ...**

આ ફેરે વળી કારોબારી સમિતિની ચૂંટણી પણ થનાર છે. ઉમેદવારી માટે જરૂરી પત્રક આ સાથે અલાયદું સામેલ કર્યું છે. તેમાં ગઇ સામાન્ય સભાની સંક્ષિપ્ત નોંધ તથા સન 2015નો હિસાબકિતાબનો વાર્ષિક હેવાલ પણ સામેલ છે. તે ય નિરાંતવા જોજો અને સામાન્ય સભામાં સૂચિપત્રક જોડે લાવવાનું ચૂકશો નહીં.

કાર્યવાહી સમિતિ પર સેવા આપવા ઇચ્છુકે, શનિવાર, 18 જૂન 2016 સુધીમાં, પોતાનું સંપૂર્ણપણે તેમ જ સ્પષ્ટ ભરાયેલું ઉમેદવારી પત્રક, અકાદમીના અધિકૃત સરનામે પહોંચતું કરવાનું રહેશે.

તમને વિદિત હશે, અસંખ્ય પુસ્તકો આપનાર ભીખુભાઇ પારેખનું ‘ડિબેટિંગ ઇન્ડિયા’ નામક પુસ્તક પ્રકાશિત થયું છે અને લેખકે જાહેર જીવનને અનુરૂપ નિબંધો ય અહીં આપ્યા છે. આ પુસ્તક વિશેની લેખકની રજૂઆત પહેલાં આપણા જાણીતા લેખક-વિચારક ડાહ્યાભાઇ નાનુભાઇ મિસ્ત્રી તથા વિપુલ કલ્યાણી આરંભે માંડણી કરશે.

દરમિયાન, આપણી માસિકી બેઠકો હવે જામતી જાય છે. આ ફેરે જૂઓને આપણે લાભશંકર ઠાકરની સ્મૃતિને વાગોળી રહ્યા છીએ. ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર પ્રબોધ પરીખ તથા ગુલામમોહમ્મદ શેખ આ અવસરે પ્રસંગોચિત ઉદ્દબોધન કરવાના છે. તે અવસરની વિગતો આ પત્રકમાં સમાવી છે.

આ જોડાજોડા વાર્ષિક સામાન્ય સભા માટેની સામગ્રી પણ છે. વાંચજો. વિચારજો, પણ અકાદમીને હૂંફટેકો દેવાનું ચૂકશો મા !

# ગુજરાતી સાહિત્ય અકાદમીની 39મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યસૂચિ :

# શનિવાર 25 જૂન 2016, બપોરના 2.00 વાગ્યે

## સ્થળ : માન્ધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશન સભાખંડ

**20A રૉઝમીડ ઍવન્યૂ, વેમ્બલી HA9 7EE**

## I - 39 મી વાર્ષિક સામાન્ય સભા

1. સ્વાગત : અકાદમીના પ્રમુખ સ્થાનેથી શ્રી વિપુલભાઇ કલ્યાણી
2. ગત વર્ષ દરમિયાન નિધન પામેલાં અકાદમીના સભ્યો તેમ જ અન્ય સાક્ષરો અને મહાનુભાવોને શ્રદ્ધાંજલિ : શ્રી વિપુલભાઇ કલ્યાણી
3. સભામાં હાજર ન રહી શક્નારાની ક્ષમાયાચના
4. 38મી વાર્ષિક સામાન્ય સભાની સંક્ષિપ નોંધ : અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામા
5. નોંધમાંથી ઉપસ્થિત થતા મુદ્દા
6. ગત વર્ષનો હિસાબ અહેવાલ : અકાદમીના કોષાધ્યક્ષ શ્રી લાલજીભાઇ ભંડેરી
7. હિસાબનીસની નિમણૂક
8. ગત સાલનો વાર્ષિક અહેવાલ : અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામા
9. શાંતશીલા ગજ્જર સ્મૃતિ પારિતોષિક : ભદ્રાબહેન વડગામા / નીનાબહેન પટેલ
10. અધિકારગણ તથા કાર્યવાહકોની દ્વિવાર્ષિક ચૂંટણી
11. આગામી કાર્યક્રમોની જાહેરાત : આગામી કાર્યક્રમોની જાહેરાત
12. પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય બાબતો
13. આભારદર્શન : સહાયક મંત્રી વિજ્યાબહેન ભંડેરી

## II - અતિથિ વિશેષ લૉર્ડ ભીખુ પારેખનું વક્તવ્ય : “ડિબેટિંગ ઇન્ડિયા”

1. માંડણી : ડાહ્યાભાઇ નાનુભાઇ મિસ્ત્રી તથા વિપુલ કલ્યાણી
2. ભીખુભાઇ પારેખ

ભદ્રા વડગામા

**મહામંત્રી**

**ગુજરાતી સાહિત્ય અકાદમી**

પ્રિય દોસ્ત

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ને ઉપક્રમે, શનિવાર, 04 જૂન 2016ના દિવસે નામ-સ્મરણનો, વ્યક્તિ-સ્મરણનો, ગુજરાતી ભાષાના પ્રતિબદ્ધ શબ્દકારના સાહિત્યસર્જનને માણવાનો જાહેર અવસર ઊભો કર્યો છે. આ અવસરે તળ ગુજરાતના અગ્રિમ સાહિત્યકારો – **પ્રબોધભાઇ પરીખ** તથા **ગુલામમોહમ્મદ શેખ** તેમ જ સુખ્યાત કળાવિદ્ **સુનીલભાઇ કોઠારી** અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હશે અને પ્રસંગોચિત ઉદ્‌બોધન પણ કરશે.

આ અવસરની વિશેષ વિગતો આ સાથેના પત્રકમાં મૂકી જ છે. તેમ છતાં, હૅરો વિલ્ડસ્ટોન વિસ્તારમાં આવ્યા 'સંગત એડવાઇસ સેન્ટર'ના [Sancroft Road, Harrow, Middlesex, HA3 7NS] સભાખંડમાં ઠીક બપોરે બે વાગ્યાથી આ કાર્યક્રમનો આરંભ થશે. આ અવસરે પ્રબોધભાઇએ તૈયાર કરી લા.ઠા. અંગેની ફિલ્મ રજૂ થશે; કવિતાની રમઝટ પણ હશે.

આ પ્રસંગે તમે સૌ કોઇ હાજરી આપશો અને આનંદશો તેની ખાતરી છે. … પધારો, અમે તમારું સ્વાગત કરીએ છીએ.

અહીં નીચે લા.ઠા. તરીકે ય જાણીતા લાભશંકર ઠાકર અંગેની નજીવી વિગત માહિતી આપીએ છીએ અને એમની એક કવિતા માણવા ય રજૂ કરીએ છીએ.

**લાભશંકર જાદવજી ઠાકર** (**જન્મ: ૧૪ જાન્યુઆરી ૧૯૩૫; અવસાન: ૬ જાન્યુઆરી ૨૦૧૬**): કવિ, નાટ્યકાર, નવલકથાકાર, નિબંધકાર. વતન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું પાટડી. જન્મ સેડલામાં. ગુજરાતી મુખ્ય વિષય સાથે ૧૯૫૭માં બી.એ., ૧૯૫૯માં એમ.એ., ૧૯૬૪માં શુદ્ધ આયુર્વેદિક કોર્સનો ડિપ્લોમા. સાતેક વર્ષ અમદાવાદની કોલેજોમાં અધ્યાપક અને પછી પોતાના ક્લિનિકમાં આયુર્વેદીય ચિકિત્સક. 'આકંઠ સાબરમતી' નામની નાટ્યલેખકોની વર્કશોપમાં સક્રિય રસ. 'કૃતિ', ઉન્મૂલન' જેવાં સામયિકોનું પ્રકાશન. ૧૯૬૨નો કુમારચન્દ્રક. નર્મદ સુવર્ણચન્દ્રક. ૧૯૮૧માં રણજિતરામ સુવર્ણચન્દ્રક, જે પરત કરેલો તે પછીથી ૧૯૯૪માં સ્વીકાર્યો. ૨૦૦૨નો સાહિત્યગૌરવ પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મળ્યો.

લાભશંકર ઠાકર આધુનિક સર્જક છે. લાભશંકર ઠાકરની કવિતા આરંભમાં પરંપરાનું અનુસંધાન જાળવે છે પણ તેમની 'તડકો' રચનાથી ભાષા સંદર્ભે એક નવપ્રસ્થાન થાય છે. શબ્દની અનર્થકતા, અસ્તિત્વની વ્યથા અને વીરતિની અભિવ્યક્તિ અનેક કાવ્યોમાં તેઓ વિડમ્બનાના સ્તરે કરે છે. તેમણે 'એબ્સર્ડ' શૈલીના એકાંકી – નાટકો રચ્યા છે તેમાં ભાષાનો શબ્દ અપૂરતો લાગતા આંગિક અભિનય અને અન્ય અવાજોની મદદથી નાટ્ય અર્થે ઉપસાવવાનો પ્રયત્ન ગુજરાતી નાટકના વિકાસમાં મહત્ત્વનું સ્થિત્યંતર છે. નિર્ભ્રાન્ત થયેલા મનુષ્યની વાત કહેતી તેમની નવલકથા 'કોણ' અને તેનો ઉત્તરાર્ધ તેમ જ રસળતી કલમે લખાયેલા સંવેદનકેન્દ્રી કે વિચારલક્ષી નિબંધોમાં ગદ્યની તાજપ ધ્યાન ખેંચે છે.

•

ઓગળી ગયેલા
બરફ જેવા શબ્દોને
– આમ સરી જતા જોઇને
નિષ્પલક બનેલા
ભાઈ લઘરા !
જરા ઊંચું જો
આ હિમાલય પણ આવતી કાલે ઓગળી જવાનો છે.
અને સરી જવાનો છે સમુદ્ર તરફ.
છતાં એ પણ હશે.
તું પણ હશે
શબ્દો પણ હશે
શબ્દોની સ્મૃતિ પણ હશે,
હશે, ઓગળવાની ક્રિયા પણ હશે.
કેમ કે…
ભાઈ લઘરા ! ઊંઘી ગયો એટલી વારમાં ?

**– લાભશંકર ઠાકર**



ગુજરાતી ભાષાના પ્રતિબદ્ધ શબ્દકાર : લાભશંકર ઠાકર

# અવાજને ખોદી શકાતો નથી
# ને ઊંચકી શકાતું નથી મૌન.

## અતિથિ વક્તા

## પ્રબોધ પરીખ
## ગુલામમોહમ્મદ શેખ

* લા.ઠા. વિશેની ફિલ્મ * કાવ્યવાંચન * પ્રવચન

ગુજરાતી સાહિત્ય અકાદમીને ઓટલે

શનિવાર, 04 જૂન 2016 બપોરે 14.00 થી

- : સ્થળ : -

**Sangat Advice Centre Hall**

**Sancroft Road, Harrow, Middlesex, HA3 7NS**

આ જાહેર અવસરે પધારવા દરેકને સહૃદય નિમંત્રણ છે